ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:૧૯૯૯/૦૮/૨૦૨૩ તા:૨૯/૦૮/૨૦૨૩

**ઓબીસી સમાજને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામત આપવાનો મહત્વનો નિર્ણય કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલયશ્રી કમલમ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ.**

------------

**ઓબીસી સમાજને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામત આપવાનો મહત્વનો નિર્ણય કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સરકારને અભિનંદન પાઠવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ**

------------

**૨૭% અનામતની જાહેરાત બાદ રાજ્યભરના ઓબીસી સમાજમાં હકારાત્મક વલણ સાથે સંતોષનીની લાગણી પ્રસરી છે.- શ્રી સી. આર.પાટીલ**

------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકાર હરહંમેશ નાનામાં નાના છેવાડાના માનવીને તેમજ વિવિધ જ્ઞાતિ-જાતિ અને ધર્મના નાગરિકોને સાથે રાખી ચાલ્યા છે તેમાં ઓબીસી સમાજ માટે ૨૭% અનામતના નિર્ણયથી એક કડી ઉમેરાઈ છે.**
**- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

-------------

**કોઈપણ અન્ય જ્ઞાતિને અસર ન થાય તે પ્રકારે ઓબીસી સમાજ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામતનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.**
**- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

-------------

**રક્ષાબંધન પૂર્વે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય કેબિનેટમાં એલપીજી સિલિન્ડરમાં રૂ.૨૦૦ નો ઘટાડો તેમજ ઉજ્જવલા યોજના હેઠળ રૂ.૨૦૦ની સબસિડી આપવાના નિર્ણયને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

--------------

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઓબીસી સમાજ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જાહેર કરાયેલ ૨૭% અનામત અંતર્ગત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, નામદાર સુપ્રીમ કોર્ટની ભલામણો ધ્યાનમાં રાખીને આયોગની રચના કરી ગુજરાતની ૫૨% વસ્તી અને ૧૪૬ થી વધુ જાતિનો સમાવેશ થાય છે તેવા ઓબીસી સમાજને ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭ ટકા અનામત આપવાનો મહત્વનો નિર્ણય કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરું છું. ઓબીસી સમાજ માટે જાહેર કરાયેલી અનામતમાં એસ.સી તેમજ એસ.ટી સમાજને અપાયેલી અનામતની ટકાવારીમાં કોઈપણ ફેરફાર કરવામાં આવ્યો નથી અને હિતોનું રક્ષણ થાય તેની ખાસ કાળજી રાખવામાં આવી છે. ૯ જિલ્લા અને ૫૧ તાલુકામાં એસ.ટી સમાજની વસ્તી મુજબ ઓબીસી સમાજને ૧૦% અનામત મળશે. ભાજપા હંમેશા ઓબીસી સમાજને સાથે લઈને ચાલે છે, આજે ભાજપાના ૫૦ જેટલા ધારાસભ્યો ઓબીસી સમાજના છે. રાજ્ય સરકાર દ્વારા ઓબીસી સમાજ માટે ૨૭% અનામતની જાહેરાત બાદ રાજ્યભરના ઓબીસી સમાજમાં હકારાત્મક વલણ સાથે સંતોષનીની લાગણી પ્રસરી છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું હતું કે, રક્ષાબંધન પૂર્વે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય કેબિનેટમાં દેશના તમામ એલપીજી ધારકોને સિલિન્ડરમાં રૂ.૨૦૦ નો ઘટાડો તેમજ ઉજ્જવલા યોજના હેઠળ રૂ.૨૦૦ની સબસિડી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેનો સીધો લાભ દેશના ૩૩ કરોડ એલપીજી કનેક્શન ધારકોને મળશે. ઉજ્જવલા યોજના હેઠળ ૯.૫ કરોડ મહિલાઓ અને તેમના પરિવારને સિલીન્ડર દીઠ કુલ રૂ.૪૦૦ની રાહત મળશે જે માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૭,૬૮૦ ફાળવાશે. આ ઉપરાંત દેશમાં ઉજ્જવલા યોજના હેઠળ નવા ૭૫ લાખ કનેક્શન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકાર હરહંમેશ નાનામાં નાના છેવાડાના માનવીને તેમજ વિવિધ જ્ઞાતિ-જાતિ અને ધર્મના નાગરિકોને સાથે રાખી ચાલે છે તેમાં આજે એક કડી ઉમેરતા કોઈપણ અન્ય જ્ઞાતિને અસર ન થાય તે પ્રકારે ઓબીસી સમાજ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામતનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. પ્રત્યેક વ્યક્તિ મુખ્ય પ્રવાહમાં આવે અને આગળ વધે તે ભાવથી સતત કાર્યરત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે રક્ષાબંધન પૂર્વે ઘરેલુ એલપીજી સિલિન્ડરમાં રૂ.૨૦૦ નો ઘટાડો તેમજ ઉજ્જવલા યોજના હેઠળ રૂ.૨૦૦ની સબસિડી જાહેર કરી દેશની કરોડો

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

બહેનોને એલપીજી ગેસ સિલિન્ડરમાં કુલ રૂ.૪૦૦ની રાહત આપવાની જાહેરાત કરી છે તે બદલ રાજ્ય સરકાર વતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનો આભાર વ્યક્ત કરું છું.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ,શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા,શ્રી ભાનુબેન બાબરિયા,શ્રી કુબેરભાઈ ડીંડોર,શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા,શ્રી મુળુભાઈ બેરા,શ્રી ભીખુસિંહ પરમાર,શ્રી બચુભાઈ ખાબડ,સાંસદશ્રી દીપસિંહ રાઠોડ,પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ,પ્રદેશ પ્રવક્તાશ્રી યમલભાઈ વ્યાસ, ઓબીસી મોરચાના પ્રમુખશ્રી મયંકભાઈ નાયક,કોષાધ્યક્ષશ્રી સુરેન્દ્રભાઈ પટેલ સહીત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)